# શનિવાર, ૦૧ નવેમ્બર, ૨૦૨૫

**૩૨૭. ગૌણ વિધાન સમિતિની બેઠક :–**

ગૌણ વિધાન સમિતિની બેઠક સોમવાર, તા.૧૩મી ઓક્ટોબર,૨૦૨૫ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે ગુજરાત વિધાનસભાના મકાનમાં ચોથા માળે સમિતિ ખંડ–૨માં મળી હતી.

સમિતિએ ઉક્ત બેઠકમાં ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્ર દરમિયાન સભાગૃહના મેજ પર મૂકાયેલ નાણા વિભાગના એજન્ડા ક્રમાંક: ૨ થી ૪૩ પરની અધિસૂચનાઓની આંતરિક ચકાસણી હાથ ધરી હતી.

સદર અધિસૂચનાઓ પરત્વે સમિતિએ ચર્ચા વિચારણા કરી હતી તે સંદર્ભે પેટ્રોલ–ડીઝલ પરના વેરાના દરો અંગે કેટલાક મુદ્દાઓની પૃચ્છા કરવા માટે તેમજ એજન્ડા ક્રમાંક: ૪૩ની અધિસૂચના અંતર્ગત ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર અધિનિયમ,૨૦૦૧ની કલમ–૩૪થી મળેલી સત્તાની રૂએ રાજ્ય સરકારે મોટર સ્પિરિટ ઉપકર નિયમો ૨૦૦૧માં નિયમ–૧૧(૨)(છ) પછી “(જ) ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન લિમિટેડ” ખંડ અન્વયે વધુ સમજવા માટે નાણા વિભાગને રૂબરૂ બોલાવવાનું સમિતિએ નક્કી કર્યું હતું. અન્ય તમામ અધિસૂચનાઓ ચર્ચાને અંતે સમિતિએ મંજૂર રાખી હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**